ગાંધીનગર પથિકાશ્રમ સર્કલ પાસે સંત બળદેવ ટ્રસ્ટ દ્વારા સવારના સુમારે ઉકાળાનું વિતરણ કરાઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ભાજપ યુવા મોરચા દ્વારા ઓનલાઈન સદસ્ય નોંધણીનું મહાઅભિયાન

ગાંધીનગર, તા.૨

ભાજપ યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે શ્રી કમલમ કોબા ખાતે તાજેતરમાં ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલા તથા સંગઠન પર્વના પ્રદેશસહ ઈન્ચાર્જ શ્રી કે.સી. પટેલ અને શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી.

આ બેઠકમાં આગામી સમયમાં ઓનલાઈન સદસ્યતા માટેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. જેમાં નક્કી થયા મુજબ તા. ૩, ૪ માર્ચ દરમિયાન સમગ્ર ગુજરાતમાં જિલ્લા/મહાનગર ખાતે કારોબારી બેઠક મળશે. તદઉપરાંત તા. ૯ થી ૧૧ માર્ચના ગુજરાતની દરેક કોલેજ કેમ્પસ તથા હોસ્ટેલમાં યુવા મોરચો મંડપ બાંધીને વિદ્યાર્થીઓને ઓનલાઈન સદસ્ય બનાવીને ભાજપમાં જોડશે.

તા. ૧૨ માર્ચના રોજ ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષા શરુ થતી હોવાથી પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવશે. તા. ૧૬, ૧૭, ૧૮ માર્ચ દરમિયાન યુવા મોરચા દ્વારા વિવિધ સ્થળો જવા કે બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, માર્કેટ, મોલ, સિનેમા ખાતે તથા જાહેર સ્થળો ઉપર યુવા મોરચાના કાર્યકર્તાઓ ઓનલાઈન સદસ્યતા અભિયાન હાથ ધરશે.

આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાના હોદ્દેદારો, જિલ્લા/મહાનગરના પ્રભારી, કારોબારી સભ્યો અને જિલ્લા/મહાનગરના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આમ આદમી પાર્ટી, માણસાના ઉપક્રમે ચિંતન-ચર્ચા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨

સાચા સ્વરાજ, જન લોકપાલ તથા ભ્રષ્ટાચાર મુકત ભારતના નિર્માણ માટે સ્થાપિત 'આમ આદમી પાર્ટી'ના માણસા સ્થિત તાલુકા કાર્યાલય ખાતે મિશન વિસ્તાર અંતર્ગત ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં માણસા તાલુકાના સંગઠન નિર્માણની રૂપરેખા રજુ કરવામાં આવી હતી. શહેર તાલુકાના કેટલાક રીક્ષાચાલક મિત્રોએ પણ બેઠકમાં પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી.તાલુકાની સળગતી સમસ્યાઓ, વિટંબણાઓ અને સરકારી વહીવટી બાબતોમાં વ્યાપક ભ્રષ્ટાચાર તેમજ તેના નિવારણ માટેનાં સૂચનો-મંતવ્યો-વિચારો-અભિપ્રાયો-ઉપાયો વગેરેની પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સમાજસેવી કાર્યકરો શ્રી રાકેશ પ્રજાપતિ 'રાહી', રમણભાઈ પરમાર, કાન્તિભાઈ નાયક, વિજયભાઈ ઠાકોર, સુરેશભાઈ પટેલ, જગતસિંહ ચાવડા, મંગાજી ઠાકોર, સુરેશભાઈ ચૌધરી, કિરીટભાઈ પટેલ, ભરતજી ઠાકોર, નયન પટેલ, ઋષિક પટેલ, દશરથભાઈ પટેલ, બળદેવભાઈ ચૌધરી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા સંયોજક અને પક્ષના સંસ્થાપક-સદસ્યશ્રી કિશન સોલંકી, મેહુલભાઈ નાયક, ગુણવંતભાઈ પટેલ, મનીષભાઈ યાજ્ઞિક, વિજયકાકા વગેરેની પ્રેરક હાજરી નોંધનીય રહી હતી.

શબ્દાવલી - ૫૬૫૯



આડી ચાવી

૧. સમાચાર, ખબર (૩)
૪. ઊંચા મિનારા જેવું બાંધકામ (૩)
૭. સુંદર હાસ્યવાળી (૪)
૧૦. ટોળુ, પાડ, ઉપકાર (૨)
૧૨. ભાણુ, પિરસણ (૪)
૧૩. ઘોડાની પીઠ પર નંખાયો સામાન (૩)
૧૪. મોટી વાતને ટૂંકમાં પતાવવી (૨)
૧૬. એક ધાન્ય (૨)
૧૭. મહેમાનગતિ (૫)
૨૦. કેફી દ્રવ્યથી ચડતો કેફ(૨)
૨૨. પંચાંગ (૩)
૨૩. નોકર દાસ (૩)
૨૪. જુગટુ, ચોપાટ (૨)

ઊભી ચાવી

૨. આઠ (સંકેત) સૂર્ય, આઠ દેવોના મંડળમાંનો દરેક (૨)
૩. શાણપણ, ડહાપણું (૪)
૫. લાગવગ, ઓળખાણ (૨)
૬. રણકતો અવાજ (૪)
૮. શ્વેત, ઉજળુ (૨)
૯. હતાશ (૩)
૧૧. વાતચીત, ગપ્પા (૪)
૧૪. વરસાદ, મેહ (૩)
૧૫. સોગઠાબાજીનું મહોરું(૩)
૧૮. તેજ, ભપકો (૩)
૧૯. તપ કરનાર સન્યાસી (૩)
૨૧. લોહી, ખુન (૩)

શબ્દાવલી ૫૬૫૮ના જવાબ

આડી ચાવી :- (૧) નશીબદાર (૪) રવિ (૬) રગ (૭) કથન (૮) હરફ (૧૦) ભાન (૧૧) તવી (૧૨) પલક (૧૩) વાદળ (૧૬) શરમ (૧૭) કલબલ (૨૦) ભાવિક (૨૧) કલરવ (૨૨) કણ

ઊભી ચાવી :- (૧) નસીહત (૨) બરફ (૩) દ્યગ (૪) રથ (૫) વિનવણી (૭) કનક (૯) રવીવાર (૧૦) ભાલ (૧૨) પળ (૧૪) દમ (૧૫) રાબ (૧૬) શતક (૧૭) કવિ (૧૮) લક (૧૯) લસણ (૨૦) ભાવ

'કાકો કે દાડાનો પૈણુ પૈણુ કરતો તો' નાટક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ચિનુ મોદી લિખિત અને શિલ્પા ઠાકર દિગ્દર્શિત 'કાકો કે દાડાનો પૈણુ પૈણુ કરતો તો' નાટક યોજાશે. જેની પાનખર પછી વસંત ગમે તેમ પચાસ પછી પરણવુ પણ ગમે હો... તેવા કોમેડી વિષય પર આગામી ૪થી માર્ચ, સાંજે ૬.૩૦ વાગે સેક્ટર-૨૩ લગ્નવાડી ગાંધીનગર ખાતે નાટક યોજાશે. જેમાં જયદીપ પ્રજાપતિ, વસંત પરમાર, ભારતી બંડાગલે, નિરવ વેગડા કલાના કામણ પાથરશે. તેમજ સમીર રાવલ સંગીત આપશે.

જાણીતા પર્યાવરણવીદ્ લવકુમાર ખાચરને રાજયપાલશ્રીની અંજલિ

ગાંધીનગર, તા.૨

ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જાણીતા પર્યાવરણવિદ્ અને પક્ષીશાસ્ત્રી શ્રી લવકુમાર ખાચરના નિધનના સમાચાર જાણી શોકની લાગણી વ્યકત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ શ્રી લવકુમાર ખાચરે પર્યાવરણવિદ્ અને પક્ષી શાસ્ત્રી તરીકે પર્યાવરણ અને પક્ષી સૃષ્ટિના જતન વિશે લોકોમાં જાગૃતિ કેળવાય તે માટે ઉલ્લેખનીય યોગદાન આપ્યું હતું. ઈશ્વર સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ આપે અને તેમના પરિવારજનોને આ અસહનીય આઘાત સહન કરવાની શકિત આપે, તેવી પ્રાર્થના રાજયપાલશ્રીએ કરી હતી.

અરવલ્લી જીલ્લાની આરટીઓ કચેરી ગાજણ ખાતે આવેલી ફાર્મસી કોલેજમાં ટૂંક સમયમાં શરૂ થશે

અરવલ્લી જીલ્લાવાસીઓ માટે ખુશીના સમાચાર : અરવલ્લી જીલ્લાનો નવો રજીસ્ટ્રેશન કોડ-૩૩ ફળવાશે

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨

છેલ્લા કેટલાય સમયથી અરવલ્લી જીલ્લામાં આરટીઓ કચેરીને માટે બીલ્ડીગ ફાળવવાના વિવાદે સમગ્ર નગરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. થોડાક દિવસો પહેલા મોડાસા ખાતે આવેલી જીઆઈડીસી ખાતે આવેલ સ્કીલ અપગ્રેડેશન સેન્ટરમાં સરકાર ધ્વારા આરટીઓ કચેરી શરૂ કરવા માટે જગ્યા ફાળવી આપવામાં આવી હતી. પરંતુ કોઈ કારણોસર આ અપગ્રેડેશન સેન્ટર ધ્વારા આ જગ્યા ખાલી ન કરવામાં આવતા અરવલ્લી જીલ્લા આરટીઓ ઈન્સપેકટર અને મોડાસાના નગરજનો ધ્વારા આ અપગ્રેડેશન સેન્ટરને તાળા મારવામાં આવ્યા હતા અને આ મામલે જીલ્લા આરટીઓ અધિકારી અને જીઆઈડીસીના રીજીઓનલ ચેરમેન વચ્ચે આ મુદ્દે તુ....તુ.... મૈ....મૈ..... પણ સર્જાઈ હતી.

ત્યારે આધારભુત સુત્રો તરફથી મળતી માહીતી મુજબ હવે અરવલ્લી જીલ્લાવાસીઓ માટે ખુશીના સમાચાર છે અરવલ્લી જીલ્લો જયારથી બન્યો ત્યારથી જે આરટીઓ કચેરી માટે આતુરતાથી રાહ જોવાતી હતી અને અને નવા અરવલ્લી જીલ્લાનો અલગ રજીસ્ટ્રેશન કોડ કયારે ફળવાશે આ તમામ પ્રશ્નો પર હવે પુર્ણ વિરામ મુકાઈ ગયો છે.

મોડાસાથી ૫ કીમીના અંતરે આવેલ ગાજણ ગામની સીમમાં વિશાળ બીલ્ડીગમાં આરટીઓ કચેરી શરૂ કરવા માટે જરૂરી મંજુરીઓ મળતા આગામી અઠવાડીયામા સુવિધા સજજ ફાર્મસી કોલેજમાં આરટીઓ કચેરી શરૂ કરવાની તજવીજ હાથ ધરાઈ છે અને અરવલ્લી જીલ્લાને નવો રજીસ્ટ્રેશન કોડ-૩૩ ફાળવવાની કામગરી હાથ ધરાશે.

જિલ્લામાં એકમાત્ર સૂવિધા વિહોણી આરટીઓ કચેરી છેલ્લા કેટલાય વર્ષોથી મોડાસા શહેરમાં નામ પુરતી જ હતી. જીલ્લાવાસીઓને અરવલ્લી જીલ્લો જાહેર થયા પછી પણ આરટીઓના કામકાજ માટે તો હિંમતનગર સુધી જ લાંબા થવુ પડતુ હતુ. ત્યારે આ બાબતને જીલ્લાવાસીઓએ કટેલીય વાર ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાં પણ કોઈ પરીણામ મળ્યુ ન હતુ. પરંતુ અરવલ્લી જીલ્લાના સ્થાનીક અધિકારીઓએ આ કચેરીને એઆરટીઓ કચેરી કક્ષાની કચેરીમાં અપગ્રેડ કરાયા બાદ સુવિધાઓથી સજજ કરવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા.

પરંતુ આ કચેરી માટે જીલ્લામાં સુવિધા સજજ બીલ્ડીગના અભાવના કારણે જીલ્લાવાસીઓ આ સુવિધાથી વંચિત હતા. પરંતુ હવે જીલ્લાવાસીઓને આ તમામ મુશ્કેલીઓનો અંત આવી ગયો છે. ખુશીના સમાચાર તો એ છે કે આરટીઓ કચેરી માટે મોડાસા તાલુકાના ગાજણ ગામની સીમમાં આવેલ હાઈવેથી ટચ અગાઉ જે જગ્યાએ ફાર્મસી કોલેજ ચાલુ હતી તેવા વિશાળ અદ્યતન બિલ્ડીગમાં આરટીઓ કચેરી શરૂ કરવા જરૂરી મંજુરી મળતા જીલ્લા કક્ષાની સુવિધા સજજ આરટીઓ કચેરી આગામી અઠવાડીયામાં કાર્યરત કરાનાર હોવાનુ આધારભુત સુત્રોએ જણાવ્યુ હતુ.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

૩૦૦ સ્કવેર ફુટમાં વિશાળ બાંધકામ ધરાવતી આ વિશાળ બીલ્ડીગમાં જીલ્લા કક્ષાની આરટીઓ કચેરી શરૂ કરાશે. આ અદ્યતન સુવિધા સજજ કચેરીને કોમ્પ્યુટરરાઈઝ કરવા કેબલ કામ પણ શરૂ કરાશે અને અરવલ્લી જીલ્લાને અલગ રજીસ્ટ્રેશન કોડ-૩૩ ફાળવવાની કામગીર પણ હાથ ધરાશે. જયારે આ કચેરીનુ ઉદ્ઘાટન પણ ટુંક સમયમાં વાહન વ્યવહાર મંત્રીના હાથે કરવામાં આવશે.

કંપની સમાચાર

ઓર્ટેલ કમ્યુનિકેશન્સ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ આજે ખુલે છે

ઓર્ટેલ કમ્યૂનિકેશન્સ લિમિટેડ ('કંપની' અથવા 'ઈશ્યુર') ઈક્વિટી શેર (ઈશ્યૂ') દીઠ શેર પ્રીમિયમ સહિત શેરદીઠ રૂ. ૧૦ ('ઈક્વિટી શેર')ની મૂળ કિંમત ધરાવતા ૧૨ મિલિયન સુદીના ઈક્વિટી શેરના એક જાહેર ઈશ્યૂને ૩ માર્ચ, ૨૦૧૫ના રોજ શરૂ કરવાની દરખાસ્ત કરી છે. પ્રત્યેક ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૮૧ થી રૂ. ૨૦૦ નો પ્રાઈઝ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ ઈશ્યૂમાં જાહેર જનતાને ઈશ્યૂ કરાનારા ૬ મિલિયન ઈક્વિટી શેર ('ફ્રેશ ઈશ્યૂ') તથા એનએસઆર-પીઈ મોરેશિયસ એલએલસી ('સેલિંગ શેરહોલ્ડર') દ્વારા કરાનારી ૬ મિલિયન ઈક્વિટી શેર ('ઓફર ફોર સેલ') સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. આ બિડ/ઈશ્યુ ૫ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થાય છે. ઓછામાં ઓછાં ૭૫ ઈક્વિટી શેરના લોટમાં બિડ કરી શકાશે અને ત્યારબાદ ૭૫ ઈક્વિટી શેરના ગુણોત્તરમાં બિડ કરવાના રહેશે. આ ઈશ્યૂમાં કંપનીની ઈશ્યૂ પછીની ફુલ્લી ડાયલ્યૂટેડ ભરપાઈ થયેલી ઈક્વિટી શેર મૂડીના ૩૯.૨૫ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે.

બુક રનિંગ લીડ મેનેજરના પરામર્શન સાથે કંપનીતથા સેલિંગ શેરહોલ્ડર પોતાના વિવેકાધિકાર અનુસાર ક્યુઆઈબીના હિસ્સાનો ૬૦ ટકા સુધીનો ભાગ એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈઝે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવી શકે છે, આ પૈકીનો ઓછામાં ઓછો એક-તૃતીયાંશ ભાગ કેવળ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સને ફાળવણી માટે જ ઉપલબ્ધ રહેશે.

ગુજરાતના ગ્રામિણ વિદ્યાર્થીઓને ટેક સક્ષમ બનાવતી 'કે ટુ ૧૨' પહેલ સાથે સહયોગી બની છે ડેલ અને માઈક્રોસોફ્ટ

ગુજરાતના ગ્રામિણ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ટેકનોલોજી સાથે કદમ મિલાવવા સક્ષમ બનાવવાના ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલી 'કે ટુ ૧૨' પહેલમાં વિશ્વની સૌથી વધુ ઝડપે વૃદ્ધિ પામી રહેલી, એક વિરાટ સંકલિત આઈટી કંપની ડેલની પણ પાર્ટનર બની છે. આ 'કે ટુ ૧૨' પહેલનો પાયાનો હેતુ વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી માહેર બનાવવા તેમને માઈક્રોસોફ્ટના આધુનિક સોફ્ટવેરથી સજજ લસેપટોપ, ડેસ્કટોપ તથા ઓલ-ઈન-વન અને ટેબલેટ જેવા આધુનિકતમ કોમ્પ્યુટર્સ માર્કેટ કરતા સારા ભાવે વિદ્યાર્થીઓને આપી સુલભ બનાવવાનો છે. પ્રોજેક્ટનોધ્યેય ભાવિ પેઢીના પાયા સમાન આજના વિદ્યાર્થીઓને છેક પાયાના સ્તરથી જ કોમ્પ્યુટર્સના ઉપયોગ માટે સજજ બનાવી તેમની જ્ઞાન ક્ષમતા વધુ બહેતર બનાવવાનો છે. આ વિશિષ્ટ અને ભાવિ પેઢીની આકાંક્ષાઓ જગાવતા પ્રોજેક્ટમાં ડેલનો સહયોગ તેની ચેનલ પાર્ટનર, અર્થ સીસ્કોમ પ્રા.લિ. અમદાવાદના માધ્યમથી રહેશે.

આ પહેલ વિષે વાત કરાતં જીઆઈપીએલના ભૂતપૂર્વ સીઈઓ વી.કે. શર્માએ કહ્યું હતું કે, 'સરકારની ડિજિટલ ઈન્ડિયા યોજના સાકાર કરવા માટે તેના વ્યાપમાં ટેકનોલોજી એક પાયાની જરૂરિયાત છે. હું માનું છું કે, આ પહેલ દ્વારા ગુજરાતની યુવા પેઢી ફક્ત રાષ્ટ્રીય નહી, આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ટેકનોલોજીની દૃષ્ટિએ શક્તિશાળી બનશે.

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાને સર્વ શ્રેષ્ઠ બ્રાંચ ખિતાબ

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી ખાતે યોજાયેલ ૬૫માં વાર્ષિક સંમેલનમાં અમદાવાદ બ્રાંચને ભારતની સર્વશ્રેષ્ઠ બ્રાંચ (મેગા કેટેગરી)નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે. અમદાવાદ બ્રાંચે ૬૫ વર્ષના ઈતિહાસમાં સત બીજી વખત આ ખિતાબ મેળવ્યો છે. અત્યારે આ ઉલ્લેખનીય છે કે છેલ્લા બે વર્ષથી અમદાવાદ બ્રાંચ અને વિકાસા (વેસ્ટર્ન ઈન્ડિયા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સ્ટુડન્ટસ એસોશીએશન) અમદાવાદને પણ વેસ્ટર્ન ઈન્ડિયા રિજીયોનલ કાઉન્સિલ મુંબઈ દ્વારા સર્વશ્રેષ્ઠ ઘોષિત કરવામાં આવ્યો છે.

વર્ષ-૨૦૧૫-૧૬ માટે સી.એ. મનોજ ફડનીસની ઈન્સ્ટિટ્યુટના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે, જ્યારે સી.એ. અમરીષ જે. પટેલને અમદાવાદ બ્રાંચના ચેરમેન તરીકે અને સી.એ. સત્યેન્દ્ર ઝાને સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે. સી.એ. વિકાશ જૈન અને સી.એ. ચિંતન પટેલ બ્રાંચના વાઈસ-ચેરમેન અને ટ્રેઝરર તરીકે ચુંટાયેલ છે. અમદાવાદ બ્રાંચના રીજીનલ કાઉન્સિલ મેમ્બર સી.એ. સુબોધ કેડિયાને વેસ્ટર્ન રીજનલ કાઉન્સિલના (મુંબઈ) ટ્રેઝરર બનાવવામાં આવ્યા છે.

સાબરકાંઠા કલેકટર તરીકે પી. સ્વરૂપે ચાર્જ સંભાળ્યો

હિંમતનગર, તા.૨

તાજેતરમાં ગુજરાત સરકારે ૭૨ જેટલા આઈએએસ અધિકારીની બદલીઓના હુકમો કરતા સાબરકાંઠા કલેકટરના બંછાનિધિ પાનીને ભાવનગર ખાતે બદલી કરી તેમની જગ્યાએ ગાંધીનગર ખાતે ઉદ્યોગભવનના ઈન્ડેક્ષ-બીમાં મેનેજીંગ ડિરેકટર તરીકે ફરજ બજાવતા પી. સ્વરૂપની સાબરકાંઠા કલેકટર તરીકે નિમણુંક કરતા આઈએએસ અધિકારી પી. સ્વરૂપે આજે સોમવારે સાબરકાંઠા કલેકટર તરીકેનો વિધિવત ચાર્જ સંભાળી બહુમાળી ભવન ખાતે આવેલ જુદી જુદી કચેરીઓની મુલાકાત લઈ કાર્ય પધ્ધતિનું નિરીક્ષણ કર્યું હતું. સાબરકાંઠા કલેકટર પદે નિયુકત થયેલા પી. સ્વરૂપ અગાઉ ગાંધીનગર કલેકટર તરીકે તેમજ છેલ્લે ઉદ્યોગભવનના ઈન્ડેક્ષ-બીમાં મેનેજીંગ ડિરેકટર પદે પ્રશંસનીય સેવાઓ બજાવી હતી.

સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુબ મોટા જથ્થાનો ઉપયોગ કરવાના બદલે નાની પ્રતિકાત્મક હોળી પ્રગટાવીએ તો તે પર્યાવરણના જતનમાં ખુબ મોટુ પગલુ ગણાશે. વળી તેમાથી વાયુ પ્રદૂષણ પણ ખુબ ઘટશે. હોળીના બીજા દિવસે ઉજવાતો ધુળેટીનો તહેવાર પણ ઈકો ફ્રેન્ડલી રીતે ઉજવાય તે જરૂરી બન્યો છે. ધુળેટી રમવા માટે હાલમાં બજારોમાં જે રંગો મળે છે તેમાં કેમીકલનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવતો હોવાથી ક્યારેક તે ત્વચા અને આંખને ખુબ નુકશાન પહોંચાડે છે. બજારોમાં મળતા કેમીકલવાળા રંગોના બદલે ઈકો ફ્રેન્ડલી એવા કેસુડાના ફૂલોના રંગથી હોળી રમવી વધુ હિતાવહ રહેશે. પાણીથી હોળી રમવાના બદલે ગુલાલથી હોળી રમવામાં આવે તો પાણીની બચત કરીને પણ આપણે પર્યાવરણનુ જતન કરી શકીએ છીએ.

પુનઃ ઈન્સ્પેક્શન કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સપ્ટેમ્બર-નવેમ્બરમાં થયેલા ઈન્સ્પેકશન દરમિયાન ૧૫ થી પણ વધુ ત્રુટીઓ દર્શાવવામાં આવતાં હાલ આ મંજૂરી અટકી જવા પામી છે.

મેડીકલ કાઉન્સીલની ટીમે જે ત્રુટીઓ તેના અહેવાલમાં દર્શાવી હતી તે બધી દૂર કરી અને કોલેજ સત્તાવાળાઓએ તેમનો જવાબ કાઉન્સીલમાં મોકલી આપ્યો છે.

મેડીકલ કોલેજની મંજૂરીના અટવાયેલા આ મુદ્દે ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે પણ દરમિયાનગીરી કરી છે અને તે અંગેનું એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોલેજ સત્તાવાળાઓ દિલ્હી જઈ બતાવી આવ્યા છે. આ પછી ભારત સરકારના માર્ગદર્શન મુજબ ક્ષતિઓની દુરસ્તી દૂર કર્યાની વસ્તૃત વિગતો સાથેનો જવાબ કાઉન્સીલને મોકલી આપવામાં આવ્યો છે.

કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં વધારાનો એક લેબર રૂમ, નવા ત્રણ ઓ.ટી.તેમજ પથારીની સુવિધાને લઈ જરુરી કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત નાના બાળકો માટે ઈન્ટેન્સીવ કેર યુનિટ છ પથારીની સુવિધા સાથે કાર્યરત કરી દેવામાં આવેલ છે.

વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભારત સરકારની દરમિયાનગીરી બાદ કાઉન્સીલની ટીમ કોલેજના પુનઃ ઈન્સ્પેકશન માટે એકાદ પખવાડિયામાં આવી જશે. આ મંજુરી ઝડપથી મળે તે માટે તંત્ર પણ પુરેપુરું સજજ થઈ ગયું છે.

પુનઃ ઈન્સ્પેકશન પૂર્ણ થયા બાદ એપ્રિલ કે મે માં મંજૂરી મળે તેવી શકયતાઓ છે. ગયા વર્ષે પણ ત્રીજા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી મોડી મળી હતી.

દરમિયાન કોલેજ સત્તાવાળાઓએ પણ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સંકલનનો કબ્જો તાત્કાલિક સોંપી દેવા કડક તાકીદ કરી છે. નવા સંકુલમાં હાલ ૨૦૦થી પણ વધુ પથારીની સુવિધા ઉપલબ્ધ કરી દેવામાં આવી છે તેમજ ત્રણ જેટલા ઓપરેશન થિયેટર પણ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

બન્યું હિલસ્ટેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

માહોલનો અનુભવ કરાવ્યો હતો. મોસમમાં આવેલા એકાએક બદલાવથી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. અને ફરી એકવાર નાગરિકોને ગરમ કપડા લપેટવાનો વારો આવ્યો છે. જયારે ઠંડીના વાતાવરણમાં વહેલી સવારે સર્જાતા ધુમ્મસને લીધે વાહન ચાલકોને વાહન ચલાવતી વખતે આગળ દશ ફુટ સુધીનું ચિત્ર પણ સ્પષ્ટ દેખાતું નથી આથી વહેલી સવારે વાહન ચાલકોએ પાર્કિંગ લાઈટ સહિત આગળની હેડ લાઈટ પણ ચાલુ રાખવી પડે છે.

દિવસ દરમિયાન વાતાવરણમાં ભેજ અને ઠંડકને લીધે મોસમ વિચિત્ર બની ગયું છે. આથી નગરના જનજીવન પર તેની વિપરિત અસર પણ દેખાઈ રહી છે. એક સાથે ત્રેવડી ઋતુ જોવા મળતા ભેજનું પ્રમાણ પણ વધુ રહ્યું છે. આથી સ્વાઈન ફ્લુ અને અન્ય વાઈરલ રોગ પણ વધુ વકરી શકે તેમ છે. પરિણામે નાગરિકોએ ઋતુ ચક્રના થતા ફેરફાર અને તેનાથી થતી મુશ્કેલી સાથે રોગોનો પણ સામનો કરવાનો વારો આવ્યો છે.

ચાર જ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન આજે જિલ્લા કલેકટરે ખાનગી તબીબોની બોલાવેલી બેઠકમાં તબીબોને લોકોમાંથી ભયની લાગણી દૂર કરવાના તંત્રના કાર્યમાં સહયોગ આપવા અપીલ કરી હતી તેમજ આ રોગચાળા સામેની જનજાગૃતિ માટે પણ સહકાર આપવા જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે જિલ્લામાં દવાની કોઈ તકલીફ નહિ હોવાનું જણાવી કહ્યું હતું કે સ્વાઈન ફલુના પ્રથમ સ્ટેજમાં જ કે દ્વિતીય સ્ટેજમાં તમને શંકા લાગે તો તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં દર્દીને રિફર કરશો તો તને સઘન સારવાર આપી શકાય. આજની આ બેઠકમાં ૨૦ જેટલા ખાનગી પ્રેકટીશનરો ઉપરાંત આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાંથી સાજા થઈ પરત ફરેલા દર્દીઓની સંખ્યા મોટી છે. તેમમે જણાવ્યું હતું કે હવામાન બદલાયું છે ત્યારે આપણા સૌની જવાબદારી વધી છે. બીજી તરફ આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ૯૭ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૫૦ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જયારે ૧ દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૩૩ અરજીઓ મળી છે જ્યારે આ પૈકી ૪૮ અરજી નામંજૂર કરવામાં આવી છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં વિભાગના મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાવ્યા મુજબ નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે છેલ્લા એક વર્ષમાં ૨૩૩ અરજીઓ મળી છે જ્યારે આ પૈકી ૧૮૫ અરજીઓ મંજૂર અને ૪૮ નામંજૂર કરવામાં આવી છે.

● **વિકલાંગ સાધન સહાય અન્વયે રૂ. ૮,૦૨,૦૨૪ ચુકવાયા**

જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે છેલ્લા એક વર્ષમાં સામાજિક ન્યાય અધિકારીતા વિભાગને ૨૮૩ અરજીઓ મળી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે ૨૮૩ અરજીઓ પૈકી ૨૫૦ મંજૂર કરવામાં આવી છે. જ્યારે આ અરજીઓ પૈકી રૂ. ૮,૦૨,૦૨૪ સહાય ચુકવવામાં આવી છે.

પદભાર સંભાળતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવનિર્મિત જિલ્લામાં વિવિધ વિભાગોની નવી કચેરી શરૂ કરાવીને વહીવટીતંત્રને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. મોરબી જિલ્લામાં લોકસભાની ચૂંટણી તેમજ પડધરી-ટંકારા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં પણ તેઓશ્રીએ સફળ સુપરવિઝન કર્યું હતું. તથા સ્થાનિક મોરબી વાંકાનેર વિકાસ સત્તામંડળના માધ્યમથી જિલ્લાનો વિકાસ કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. મોરબી જિલ્લામાં સૌની યોજનાનું અમલીકરણ તથા નર્મદાના નીર ખેડૂતો સુધી પહોંચે તે કામગીરી પૂર્ણ કરવામાં શ્રી રાવલે અત્યંત રસ દાખવેલ છે. તથા નર્મદાના નીર મચ્છુ નદીમાં ઠલવાય તે કામગીરીને વધુ ગતિશીલ બનાવી છે. રાજય સરકારના ગતિશીલ ગુજરાત કાર્યક્રમમાં મોરબી જિલ્લો નવરચિત હોવા છતાં રાજયના અન્ય જિલ્લાઓની સરખામણીએ આ જિલ્લાની કામગીરીને વધુ વેગવાન બનાવવામાં તેઓશ્રીની ભૂમિકા અત્યંત મહત્વની રહી છે.